# રાજકોટ મહાનગરપાલિકા

## પ્રાણીસંગ્રહાલય શાખા

### ટેન્ડર નં.રા.મ.ન.પા./ઝૂ/૨૦૨૦-૨૧/03

**રાજકોટ ઝૂલોજીકલ પાર્ક ખાતે દવા સપ્લાય કરવાનું કામ (બિજો પ્રયત્ન )**

| | | |
|---|---|---|
| ૧ | ટેન્ડર ફી (પરત મળવાપાત્ર નથી) | રૂા.૭૫૦/- |
| ૨ | અર્નેસ્ટમની ડીપોઝીટ | રૂા.૭૨૦૦/- |
| ૩ | ટેન્ડર ડાઉનલોડ/વેંચાણની છેલ્લી તારીખ | તા.03/0૨/૨૦૨૧ ૧૬:00 કલાક સુધી |
| ૪ | ટેન્ડર મોકલવાની છેલ્લી તારીખ | તા.૧૦/0૨/૨૦૨૧ ૧૮:00 કલાક સુધી |
| ૫ | ટેન્ડર ફી, અર્નેસ્ટમની તથા અન્ય કાગળો મોકલવાની વિગત | સીલબંધ કવરમાં ફક્ત પોસ્ટ/ રજી. એડી મારફત ઝૂ સુપ્રિન્ટેન્ડેન્ટશ્રી, રાજકોટ ઝૂલોજીકલ પાર્ક, જુના માર્કેટીંગ યાર્ડની પાછળ, રાજકોટ-3૬0003 ખાતે મોકલાવવાનું રહેશે. |
| ૬ | ટેકનીકલ બીડ ખોલવાની તારીખ | તા.૧૧/0૨/૨૦૨૧ ૧૧:00 કલાકે |
| ૭ | વેરીફીકેશન ઓફ ટેકનીકલ બીડ | તા.૧૧/0૨/૨૦૨૧ ૧0:30 કલાક સુધી |
| ૮ | પ્રાઈઝબીડ ખોલવાની સંભવિત તારીખ | તા.૧૨/0૨/૨૦૨૧ ૧૧:00 કલાકે |
| | વધુ જાણકારી માટે અમારો સંપર્ક કરો.<br>ડો.આર.કે.હિરપરા ઝૂ સુપ્રિન્ટેન્ડેન્ટ મો.૯૯૭૮૯ ૧૧૨૪૫ | |

**ઝૂ સુપ્રિન્ટેન્ડેન્ટશ્રી,**

**રાજકોટ ઝૂલોજીકલ પાર્ક,**

**રાજકોટ મહાનગરપાલિકા,**

**રાજકોટ.**

# અનુક્રમણિકા


| ક્રમ | વિગત | પેઈઝ નં. |
|---|---|---|
| ૧ | ટેન્ડરની શરતો | ૦૩-૦૫ |
| ૨ | દવા ખરીદીની વિગત | ૦૬ |
| ૩ | બીડરની વિગત | ૦૭ |
| ૪ | અનુભવની વિગત | ૦૮ |
| ૫ | પ્રાઈઝબીડ | ૦૯ |

# રાજકોટ ઝૂલોજીકલ પાર્ક ખાતે દવા સપ્લાય કરવા અંગેની શરતો

સામાન્ય શરતો:

1) બીડરે ટેન્ડર ફી પેટે રૂા.૭૫૦/-(અંકે રૂપિયા સાતસો પચાસ)નો નેશનલાઇઝડ/શેડયુલ્ડ બેંકનો ડીમાન્ડ ડ્રાફટ તથા ડીપોઝીટ પેટે રૂા.૭૨૦૦/-(અંકે રૂપિયા સાત હજાર બસો)નો નેશનલાઇઝડ/શેડયુલ્ડ બેંકનો ડીમાન્ડ ડ્રાફટ "રાજકોટ મહાનગરપાલિકા" **(Rajkot Municipal Corporation) Payable at Rajkot**ના નામનો ટેન્ડર સાથે સામેલ રાખવાનો રહેશે.
2) ટેન્ડર ફી તથા અર્નેસ્ટમની ડીપોઝીટ ભર્યા વગરના ટેન્ડર ધ્યાન પર લેવામાં આવશે નહી તથા ટેન્ડર રદ ગણવામાં આવશે.
3) જે બીડરનું ટેન્ડર મંજુર થશે, તેમના અર્નેસ્ટમની ડીપોઝીટના નાણા અનામત પેટે રાખી બાકી બીડરના ટેન્ડર સાથે ભરેલ અર્નેસ્ટમની ડીપોઝીટની રકમ અર્નેસ્ટમની ડીપોઝીટની માંગણી કર્યા બાદ પરત કરવા કાર્યવાહી કરવામાં આવશે.
4) ભાવ મંજુર કરવા મ્યુનિસિપલ કમિશનરશ્રી અથવા સ્ટેન્ડીંગ કમિટી, રાજકોટ મહાનગરપાલિકાને મોકલવામાં આવશે. તેમનો નિર્ણય આખરી અને બંધનકર્તા રહેશે.
5) ભાગીદારીમાં ટેન્ડર ભરનારે ભાગીદારીનું સટીર્ફીકેટ રજું કરવાનું રહેશે. જો તેઓનું ટેન્ડર મંજુર થાય તો ભાગીદારો અથવા કોઇ પણ એક ભાગીદારને કમિશ્નરશ્રી જવાબદાર ગણી શકશે. તેમજ ટેન્ડરની શરતોનો ભંગ થયે તેની સામે કાયદેસરની કાર્યવાહી કરી શકાશે.
6) સગીરવયની વ્યકિતનું ટેન્ડર સ્વીકારવામાં આવશે નહિં. શંકાસ્પદ કિસ્સામાં વ્યકિતનું ઉંમરનું પ્રમાણપત્ર માંગવામાં આવશે. જે રજુ કરવાનું રહેશે.
7) ભાવ મંજુર થયે બીડરે કામગીરીની કુલ કીંમતના ૦૫% (પાંચ ટકા) મુજબ સિકયોરીટી ડીપોઝીટ ભરવાની રહેશે. સિકયોરીટી ડીપોઝીટની રકમ રોકડેથી કે ચેક કે ડી.ડી.થી ભર્યેના કિસ્સામાં રાજકોટ મહાનગરપાલિકાની હિસાબી શાખામાં રકમ ભર્યા બદલની અસલ પહોંચ રજુ કરી રૂા.૧૦૦/-ના સ્ટેમ્પ પેપર પર કરારનામું કરી આપવાનું રહેશે.
8) બિડર દ્વારા એફ.ડી.આર.ના કિસ્સામાં રાજકોટ ખાતેની નેશનલાઇઝડ/શેડયુલ્ડ બેંકની રાજકોટ મહાનગરપાલિકા તથા બીડરના સંયુકત નામની એફ.ડી.આર. કઢાવી પાછળ રેવન્યુ સ્ટેમ્પ લગાડી તેના પર કોન્ટ્રાકટરશ્રીએ સહી કરી રાજકોટ ઝુલોજીકલ પાર્કમાં નિયત સમયમાં રજુ કરવાની રહેશે. ફિકસ ડીપોઝીટ રીસીપ્ટના માધ્યમથી ભરવાના કિસ્સામાં સિકયોરીટી ડીપોઝીટના ૪.૯૦% પ્રમાણેના સ્ટેમ્પ પેપર પર કરારનામું કરવાનું રહેશે. સ્ટેમ્પ અને નોંધણી વિભાગ દ્વારા સ્ટેમ્પ ડયુટીમાં ફેરફાર થશે તો તે આપો આપ બિડરને લાગુ પડશે.
9) બિડરે રાજકોટ મહાનગરપાલિકાની ફેવરમાં સિકયોરીટી ડીપોઝીટની રકમ ભરી કરારનામું દિન-૦૭માં કરી આપવાનું રહેશે. કરારનામાનો મુસદો રાજકોટ ઝુલોજીકલ પાર્કમાંથી મેળવી લેવાનો રહેશે.
10) બિડર નિયત સમયમાં કરારનામું કરવામાં નિષ્ફળ જશે તો બિડરની અર્નેસ્ટમનીની રકમ જપ્ત કરવામાં આવશે. તેમજ રાજકોટ મહાનગરપાલિકા આ કોન્ટ્રાકટ કોઇ પણ અન્ય કોન્ટ્રાકટરને આપી શકશે.
11) સરકારશ્રી તરફથી નિયત કરવામાં આવેલ ઇન્કમટેક્ષ, જીએસટી ટીડીએસ તેમજ અન્ય ટેક્ષની રકમ નિયમાનુસાર બીડરનાં બીલમાંથી કાપી લેવામાં આવશે.
12) બિડરે ટેન્ડરની વિગત ભરી ટેન્ડર સાથે સામેલ રાખવાની રહેશે.
13) મ્યુનિસિપલ કમિશ્નરશ્રી કોઇ પણ જાતનું કારણ દર્શાવ્યા સીવાય ટેન્ડર રદ કરી શકશે.



બીડરની સહિ

14) આ કરાર અંગે કોઇ વાદવિવાદ ઉપસ્થીત થશે તો, તે ફકત રાજકોટ જયુરીશડીકશનમાં ચાલી શકશે.

15) પ્રાઇઝબીડ ખોલ્યા બાદ ટેન્ડર ૧૨૦ દિવસ સુધી માન્ય રહેશે.

16) દર માસના અંતે બીલ રજુ કર્યા બાદ ચુકવણું કરવા માટેની કાર્યવાહી કરવામાં આવશે. બીલની રકમ સીધી કોન્ટ્રાકટરશ્રીના ખાતામાં ECSથી જ જમા કરવામાં આવશે. બીડરે બેંક એકાઉન્ટની વિગત, પાનકાર્ડની વિગત તથા જીએસટી રજીસ્ટ્રેશનની વિગત (જો લાગુ પડતુ હોય તો) રજુ કરી વેન્ડર રજીસ્ટ્રેશન કરાવવાનું રહેશે.

17) ઇજારાની કોઇ પણ એક શરતના ભંગ બદલ રૂા.૫૦૦/-(અંકે રૂપિયા પાંસસોથી વધારે નહી તેટલો) દંડ જવાબદાર અધિકારી (નાયબ કમિશ્નરશ્રી) કરી શકશે. તે પ્રમાણેની રકમ બિડરે રાજકોટ મહાનગરપાલિકામાં ભરપાઇ કરવાની રહેશે.

18) ટેન્ડર સંબંધી કોઇ વાંધો હોય તો, બીડરે મ્યુનિસિપલ કમિશ્નરશ્રી, રાજકોટ મહાનગરપાલિકાને લેખિતમાં અરજી કરવાની રહેશે. આ બાબતે કમિશ્નરશ્રીનો નિર્ણય આખરી અને બીડરને બંધનકર્તા રહેશે.

19) બિડરનું કામ કોન્ટ્રાકટના સમયગાળા દરમિયાન સંતોષકારક જણાશે તો કોન્ટ્રાકટની મુદત પુરી થયે બિડર દ્વારા સીકયોરીટી ડીપોઝીટ પરત કરવા માટેની માંગણી રજુ કર્યા બાદ સીકયોરીટી ડીપોઝીટ પરત આપવાની કાર્યવાહી કરવામાં આવશે.

20) આ કામ સંબંધે કોઇ શરતોમાં સમાવેશ થતો ન હોય અથવા સમયાનુસાર કે ચાલુ કામે કોઇ આવી શરતો બાબતે પ્રશ્ન ઉપસ્થીત થાય તો કમિશ્નરશ્રી, રા.મ.ન.પા.નો નિર્ણય અંતિમ રહેશે. તે કોન્ટ્રાકટરશ્રીને બંધનકર્તા રહેશે. સંજોગોવશાત જરૂરિયાત ઉપસ્થીત થાય તો કમિશ્નરશ્રી, રા.મ.ન.પા. આ કોન્ટ્રાકટ રદ કરી શકશે.

21) ટેકનીકલ બીડમાં જરૂરી દસ્તાવેજી પુરાવાઓ, ટેન્ડર ફી અને અર્નેસ્ટમની ડીપોઝીટની ફી રજુ કરેલ હશે એ જ પાર્ટીઓની પ્રાઇઝ બીડ ખોલવામાં આવશે.

22) <u>ટેન્ડર "ટેકનીકલ બીડ" અને "પ્રાઈઝ બીડ" એમ અલગ અલગ કવરમાં બિડાણ કરી, મુખ્ય કવરમાં સીલબંધ કરી ફક્ત પોસ્ટ/રજી. એડી.થી ઝૂ સુપ્રિન્ટેન્ડેન્ટશ્રી, રાજકોટ ઝૂલોજીકલ પાર્ક, માર્કેટીંગ યાર્ડની પાછળ, રાજકોટ-૩૬૦૦૦૩ને પહોંચતુ કરવાનું રહેશે. કવર ઉપર "દવા સપ્લાયના ભાવ" એ પ્રમાણે સ્પષ્ટ લખવાનું રહેશે.</u>

23) બીડરે બીડરની વિગત દર્શાવતા પત્રકમાં તમામ વિગત દર્શાવવાની રહેશે.

24) ટેન્ડર ભરનારે ટેકનીકલ બીડમાં રજુ કરેલ તમામ દસ્તાવેજો ફરજીયાતપણે ખરી નકલમાં અથવા સેલ્ફ એટેસ્ટેડ કરી મોકલવાની રહેશે.

25) બીડરે ટેન્ડર સાથે રજુ કરેલ સંબંધીત તમામ દસ્તાવેજોની મૂળ નકલની ખરાઇ કર્યા બાદ જ તેઓના ટેન્ડરની પ્રાઇઝબીડ ખોલવામાં આવશે. બીડરે રજુ કરેલ કોઇ પણ દસ્તાવેજો ફ્રોડ રજુ કરી કામ મેળવવા માટે પ્રયાસ કર્યાનુ સાબિત થશે, તેવા કિસ્સામાં એજન્સીને બ્લેકલીસ્ટ કરી, બીડર સામે ફોજદારી કાર્યવાહી કરવાના પગલા લેવામાં આવશે.

<u>ખાસ શરતો:</u>

1) "એનેક્ષર-એ"માં દર્શાવેલ દવા ખરીદીનો વાર્ષિક અંદાજીત ખરીદી જથ્થો છે. ઉકત તમામ દવાનો જથ્થો બીડરે એક સાથે સપ્લાય કરવાનો નથી પરંતુ બીડરને વર્ષ દરમિયાન દર માસે અથવા જયારે ઝૂ દ્વારા સપ્લાય ઓર્ડર આપવામાં આવશે તે અનુસાર દવાનો જથ્થો સપ્લાય કરવાની રહેશે.

2) ઉકત દર્શાવેલ દવાનો જથ્થો વર્ષ દરમિયાનનો અંદાજીત ખરીદીનો છે. વન્યપ્રાણી-પક્ષીઓની સંખ્યામાં વધારો કે ઘટાડો થાય ત્યારે તેને ખોરાકને સંલગ્ન દવાની ખરીદીમાં પણ વધારો કે ઘટાડો થઇ શકશે. જે બીડરે માન્ય રાખવાનો રહેશે.

3) બીડર દ્વારા ભરેલ દવા સપ્લાયના ભાવો વર્ક ઓર્ડર આપ્યા તારીખથી એક વર્ષ સુધી માન્ય રહેશે. બીડરને વર્ષ દરમિયાન જયારે પણ વર્ક ઓર્ડર આપવામાં આવે ત્યારે મંજુર થયેલ ભાવે દવા સપ્લાય કરવાની રહેશે.

4) પ્રાણીસંગ્રહાલય ખાતે જવાબદાર વ્યકિતની હાજરીમાં સપ્લાય કરવામા આવેલ દવાની ચકાસણી કરવામાં આવશે. જે કોન્ટ્રાકટરે અથવા તેના માણસે માલ સાથે આવેલ હશે, તેને માન્ય રાખવો પડશે.

5) રાજકોટ ઝૂલોજીકલ પાર્ક ખાતે સપ્લાય ઓર્ડર મુજબ દવાનો જથ્થો પહોંચતો કરવાનો રહેશે. તે માટે અલગથી ટ્રાન્સપોર્ટ ચાર્જ, ચડાઇ-ઉતરાઇ કે અન્ય મજુરી આપવામાં આવશે નહીં.

6) બીડરે સારી ગુણવત્તાવાળા દવા સપ્લાય કરવાની રહેશે. બીડરે સપ્લાય કરેલ દવાની એકસપાયરીની તારીખ સપ્લાય કરેલ તારીખથી ઓછામાં ઓછી એક વર્ષ સુધીની હોવી જોઇએ.

7) બીડરે દવા સપ્લાયની શરતોનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે. કોઇ પણ કારણોસર બીડર દવા સપ્લાય કરશે નહી તો બીડરે ભરેલ સીક્યોરીટી ડીપોઝીટની રકમ જપ્ત કરી કોન્ટ્રાકટ રદ કરવામાં આવશે અને કોન્ટ્રાકટરને રાજકોટ મહાનગરપાલિકાના કામ માટે બ્લેક લીસ્ટ કરવામાં આવશે.

8) બીડરના પ્રાઇઝબીડમાં દર્શાવેલ દવા સપ્લાય માટે સૌથી ઓછા ભાવ ભરનાર કોઇ એક જ એજન્સીને કોન્ટ્રાક્ટ આપવામાં આવશે. જરૂરે જણાયે સૌથી ઓછા ભાવની ગણતરી વાર્ષીક ખરીદી ખર્ચનાં આધારે નક્કી કરવામાં આવશે અને તે જ ભાવ માન્ય રાખવામાં આવશે.

9) દવા સપ્લાય કામનો કોન્ટ્રાકટનો સમયગાળો એક વર્ષનો રહેશે. એક વર્ષ પુરૂ થયા બાદ નવો કોન્ટ્રાક્ટ આપવામાં કોઇ પણ કારણસર મોડુ થશે તો કોન્ટ્રાક્ટ ત્રણ માસ સુધી લંબાવી શકાશે. લંબાવેલ મુદત માટે કોઇ ભાવ વધારો આપવામાં આવશે નહિં.

<u>લાયકાતની વિગત:</u>

1) ટેન્ડર ફી પેટે રૂા.૭૫૦/- તથા અર્નેસ્ટમની ડીપોઝીટ પેટે રૂા.૭૨૦૦/-નો નેશનલાઇઝડ/શેડયુલ્ડ બેંકનો ડીમાન્ડ ડ્રાફટ “રાજકોટ મહાનગરપાલિકા” (Rajkot Municipal Corporation) Payable at Rajkotના નામનો ટેન્ડર સાથે સામેલ રાખવાનો રહેશે.

2) ટેન્ડર ભરનારે આ પ્રકારની કામગીરી એટલે કે દવા સપ્લાય કરવા અંગેનો કોઇ પણ સરકારી કે અર્ધસરકારી સંસ્થામાં છેલ્લા સાત નાણાકીય વર્ષમાં ઓછામાં ઓછુ એક વખત દવા સપ્લાય કરેલ હોવાનું અનુભવનું પ્રમાણપત્ર/વર્ક ઓર્ડરની નકલ ટેન્ડર સાથે સામેલ રાખવાનું રહેશે.

3) ટેન્ડર ભરનારે ઓછામાં ઓછા રૂા.૧,૦૦,૦૦૦/-(અંકે રૂપિયા એક લાખ)ની બેંક સોલવંશી સામેલ રાખવાની રહેશે. જે એક વર્ષથી જુની હોવી જોઇએ નહીં.

4) ટેન્ડર ભરનારે છેલ્લા સાત નાણાકીય વર્ષમાં ઓછામાં ઓછુ રૂા.૧,૨૦,૦૦૦/-(અંકે રૂપિયા એક લાખ વીસ હજાર)નું એવરેજ વાર્ષિક ટર્નઓવરનું પ્રમાણપત્ર ટેન્ડર સાથે સામેલ રાખવાનું રહેશે અથવા સી.એ.નું પ્રમાણપત્ર સામેલ રાખવાનું રહેશે.

5) દવા વેચાણ અંગેનું ડ્રગ લાયસન્સ ચાલુ નાણાકીય વર્ષનું રજુ કરવાનું રહેશે.

નાયબ કમિશનર (પુર્વઝોન)
રાજકોટ મહાનગરપાલિકા

## એનેક્ષર-એ (વર્ષ દરમિયાન અંદાજીત ખરીદી જથ્થો)

| ક્રમ | દવાની વિગત | પેકીંગ | અંદાજીત ખરીદી જથ્થો |
|---|---|---|---|
| 1. | Liquid Sharkoferol | 450 g | 120 |
| 2. | Liquid Brotone | 500 ml | 30 |
| 3. | Liquid Ostovet Forte | 500 ml | 15 |
| 4. | Liquid Vimeral | 30 ml | 15 |
| 5. | Liquid Groviplex | 500 ml | 10 |
| 6. | Liquid Groviplex | 5000 ml | 3 |
| 7. | Liquid Butox | 1000 ml | 5 |
| 8. | Liquid Kohrsolin-Th | 500 ml | 5 |
| 9. | Liquid Kohrsolin-Th | 5000 ml | 5 |
| 10. | Liquid Vitum-H | 250 ml | 15 |
| 11. | Liquid K-Live gold | 500 ml | 50 |
| 12. | Liquid Livotas | 500 ml | 50 |
| 13. | Liquid Calgophos | 1000 ml | 8 |
| 14. | Liquid Vitagro | 1000 ml | 8 |
| 15. | Liquid Panacur | 1000 ml | 2 |
| 16. | Liquid Albomar | 500 ml | 4 |
| 17. | Liquid Nilazan | 1000 ml | 1 |
| 18. | Liquid Hitek | 100 ml | 5 |
| 19. | Liquid Bayrosin | 1000 ml | 1 |
| 20. | Powder Minfa gold | 06 kg | 10 |
| 21. | Powder Minfa gold | 1.2 kg | 30 |
| 22. | Powder Kalvimin gold | 01 kg | 50 |
| 23. | Powder Chelated Agrimin Forte | 01 kg | 50 |
| 24. | Powder Electrobest | 500gm | 30 |
| 25. | Powder K-Grand | 500gm | 30 |
| 26. | Bolus Hitek -80 mg | 01 Bolus | 30 |
| 27. | Bolus Albomar – 1500 mg | 02 Bolus | 100 |
| 28. | Bolus Fentas – 1500 mg | 04 Bolus | 150 |
| 29. | Bolus Panacur 1500 gm | 02 Bolus | 150 |
| 30. | Tablet Panacur – 150 mg | 10 tablet | 10 |
| 31. | Tablet Nutrich | 30 tab | 10 |
| 32. | Tablet Neomec- 10 mg | 10 tablet | 30 |
| 33. | Tablet Easypet | 10 tablet | 25 |
| 34. | Granule Oracal-P | 500 gm | 5 |
| 35. | Vaccine Canigen DHppi + L | 01 ml | 30 |
| 36. | Vaccine Feligen CRP | 01 ml | 8 |
| 37. | Bolus Panacur 03 gm | 01 bolus | 100 |

નોંધ :- ઉપરોકત કોષ્ટકમાં દર્શાવેલ દવાના જથ્થાની વાર્ષિક અંદાજીત જરૂરીયાત છે. તેમાં વર્ષ દરમિયાન વધારો કે ઘટાડો થઇ શકે છે.

# બીડરની વિગત

| | | | |
|---|---|---|---|
| ૧ | ૧ | બીડરનું નામ | |
| | ૨ | સરનામું | |
| | ૩ | ટેલીફોન નંબર તથા મોબાઇલ નં. | |
| | | | |
| ૨ | | રા.મ.ન.પા.એ કોન્ટ્રાકટ માટે જેની સાથે સંપર્ક કરવાનો થાય તેની માહિતી | |
| | ૧ | નામ | |
| | ૨ | સરનામું | |
| | ૩ | ટેલીફોન નંબર | |
| | ૪ | મોબાઇલ નં. | |
| | ૫ | ફેકસ નંબર | |
| | | | |
| ૩ | | કોન્ટ્રાકટમાં સહી કરનારની વિગત | |
| | ૧ | નામ | |
| | ૨ | સરનામું | |
| | ૩ | ટેલીફોન નંબર | |
| | ૪ | મોબાઇલ નં. | |
| | ૫ | ફેકસ નંબર | |

# રાજકોટ મહાનગરપાલિકા
# પ્રાણીસંગ્રહાલય શાખા

## -:: બીડરના અનુભવની વિગત ::-

અમો બીડરશ્રી ..........................................................................................................................,

રહેવાસી .................................. નીચે મુજબ દવા સપ્લાય કામનો અનુભવ ધરાવીએ છીએ. જેની વિગત નીચે મજુબ છે.

| ક્રમ | દવા સપ્લાય કરેલ સ્થળ તથા સરનામુ | સમય | નોંધ |
|---|---|---|---|
| ૧ | | | |
| ૨ | | | |
| ૩ | | | |
| ૪ | | | |
| ૫ | | | |

ઉપરોકત અનુભવના આધાર તરીકે ટેન્ડર સાથે અગાઉની કામગીરીના અનુભવના પ્રમાણપત્રની પ્રમાણીત નકલ આ સાથે સામેલ છે.


બીડરની સહિ

# રાજકોટ મહાનગરપાલિકા - પ્રાણીસંગ્રહાલય શાખા

## -:: પ્રાઇઝ બીડ ::-

(પ્રાઈઝ બીડ અલગ સીલબંધ કવરમાં બંધ કરી, મુખ્ય કવરમાં સામેલ રાખવું)

| ક્રમ | દવાની વિગત | પેકીંગ | ભાવ રૂા. | + જીએસટી% |
|---|---|---|---|---|
| 1. | Liquid Sharkoferol | 450 g | | |
| 2. | Liquid Brotone | 500 ml | | |
| 3. | Liquid Ostovet Forte | 500 ml | | |
| 4. | Liquid Vimeral | 30 ml | | |
| 5. | Liquid Groviplex | 500 ml | | |
| 6. | Liquid Groviplex | 5000 ml | | |
| 7. | Liquid Butox | 1000 ml | | |
| 8. | Liquid Kohrsolin-Th | 500 ml | | |
| 9. | Liquid Kohrsolin-Th | 5000 ml | | |
| 10. | Liquid Vitum-H | 250 ml | | |
| 11. | Liquid K-Live gold | 500 ml | | |
| 12. | Liquid Livotas | 500 ml | | |
| 13. | Liquid Calgophos | 1000 ml | | |
| 14. | Liquid Vitagro | 1000 ml | | |
| 15. | Liquid Panacur | 1000 ml | | |
| 16. | Liquid Albomar | 500 ml | | |
| 17. | Liquid Nilazan | 1000 ml | | |
| 18. | Liquid Hitek | 100 ml | | |
| 19. | Liquid Bayrosin | 1000 ml | | |
| 20. | Powder Minfa gold | 06 kg | | |
| 21. | Powder Minfa gold | 1.2 kg | | |
| 22. | Powder Kalvimin gold | 01 kg | | |
| 23. | Powder Chelated Agrimin Forte | 01 kg | | |
| 24. | Powder Electrobest | 500gm | | |
| 25. | Powder K-Grand | 500gm | | |
| 26. | Bolus Hitek -80 mg | 01 Bolus | | |
| 27. | Bolus Albomar – 1500 mg | 02 Bolus | | |
| 28. | Bolus Fentas – 1500 mg | 04 Bolus | | |
| 29. | Bolus Panacur 1500 gm | 02 Bolus | | |
| 30. | Tablet Panacur – 150 mg | 10 tab | | |
| 31. | Tablet Nutrich | 30 tab | | |
| 32. | Tablet Neomec- 10 mg | 10 tab | | |
| 33. | Tablet Easypet- | 10 tab | | |
| 34. | Granule Oracal-P | 500 gm | | |
| 35. | Vaccine Canigen DHppi + L | 01 ml | | |
| 36. | Vaccine Feligen CRP | 01 ml | | |
| 37. | Bolus Panacur | 03 gm | | |

નાયબ કમિશનર(પુર્વઝોન)
રાજકોટ મહાનગરપાલિકા

 બીડરની સહિ